ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૬૯ ટકા

ગાંધીનગર તાપમાન

નવરાત્રીમાં મહાષ્ટમી અને નોમનો મહિમા અપાર છે

ગાંધીનગર, તા.૧૯

આસો મહિનાના શુક્લ પક્ષની પ્રતિપદા તિથિથી નવરાત્રીની શરૂઆત થાય છે. તેને શારદીય નવરાત્રી તરીકે પણ ઓળખવામાં આવે છે. હિન્દુ ધર્મમાં આ નવરાત્રિનું વિશેષ મહત્વ છે. આ ૯ દિવસોમાં માં દુર્ગાના નવ રૂપોની પૂજા કરવામાં આવે છે. આ વખતે નવરાત્રી ૨૬ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહી છે અને વિજયાદશમી પર દુર્ગા વિસર્જન પર ૫ ઓક્ટોબરે નવરાત્રી સમાપ્ત થાય છે.

માન્યતા છે કે, નવરાત્રિમાં માં દુર્ગા ભક્તોની વચ્ચે ધરતી પર આવે છે અને તેમને ઈચ્છાઓની પૂર્તિના આશીર્વાદ આપે છે. માં અંબેની કૃપા મેળવવા માટે આ ૯ દિવસમાં માં દુર્ગાના ૯ રૂપોની પૂજા કરવામાં આવે છે. માં દુર્ગા પ્રસન્ન થાય તે માટે વ્રત, પૂજા વગેરે કરવામાં આવે છે. નવરાત્રીના ૯ દિવસે અલગ અલગ દેવીઓની પૂજા કરવામાં આવે છે. આ પછી અષ્ટમી અને નવમી તિથિએ ઉપવાસ કરીને વ્રત કરવામાં આવે છે. આવો જાણીએ આ વખતે કયા દિવસે મહાશતમી અને નવમી તિથિ છે.

શારદીય નવરાત્રી મહાષ્ટમી ૨૦૨૨: હિંદુ ધર્મમાં નવરાત્રીના નવ દિવસ દેવી દુર્ગાની પૂજા કરવામાં આવે છે. અષ્ટમી અને નવમી તિથિ તારીખ ઘટવાને કારણે આગળ પાછળ જાય છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર નવરાત્રીની તિથિનો ક્ષય અશુભ માનવામાં આવે છે. આ વખતે મહાષ્ટમીનું વ્રત ૩ ઓક્ટોબરે રાખવામાં આવશે. આ દિવસે દેવી મહાગૌરીની પૂજા કરવામાં આવે છે. સાથે જ નવમી ૪ ઓક્ટોબરે થશે. આ દિવસે દેવી સિદ્ધિદાત્રીની પૂજા કરવામાં આવે છે. નવરાત્રીના ૧૦માં દિવસે ૫ ઓક્ટોબરે દેવી દુર્ગાની પૂજા કરવામાં આવે છે. મહાનવમીનું મહત્વ:

ધાર્મિક દંતકથાઓ અનુસાર, માં દુર્ગાએ દાનવોના રાજા મહિષાસુર સામે ૯ દિવસ સુધી યુદ્ધ કર્યુ હતું. તેથી આ તહેવાર ૯ દિવસ સુધી ઉજવવામાં આવે છે. નવરાત્રિના અંતિમ દિવસે એટલે કે નવમીના દિવસે મા દુર્ગાએ અસત્ય પર વિજય મેળવ્યો હતો. તેથી તેને મહાનવમી તરીકે પણ ઓળખવામાં આવે છે.

શારદીય નવરાત્રિ ૨૦૨૨ની તિથિઓ:

૨૬ સપ્ટેમ્બર (પ્રથમ દિવસ)	માં શૈલપુત્રી પૂજા
૨૭ સપ્ટેમ્બર (બીજો દિવસ)	માં બ્રહ્મચારિણી પૂજા
૨૮ સપ્ટેમ્બર (ત્રીજો દિવસ)	માં ચંદ્રઘંટા પૂજા
૨૯ સપ્ટેમ્બર (ચોથો દિવસ)	માં કુષ્માંડા પૂજા
૩૦ સપ્ટેમ્બર (દિવસ ૫)	માં સ્કંદમાતા પૂજા
૧ ઓક્ટોબર (છઠ્ઠો દિવસ)	માં કાત્યાયની પૂજા
૨ ઓક્ટોબર (દિવસ ૭)	માં કાલરાત્રી પૂજા
૩ ઓક્ટોબર (દિવસ ૮)	માં મહાગૌરી પૂજા
૪ ઓક્ટોબર (નવમી દિવસ)	માં સિદ્ધિદાત્રી પૂજા
૫ ઓક્ટોબર (દસમો દિવસ)	વિજયાદશમી અથવા દશેરા

જન્મદિને વધામણી

કાંતિભાઈ એમ શર્મા
ફોટોગ્રાફર, ફિલાટેલિસ્ટ
મો. ૯૪૨૬૬ ૨૪૪૯૧

લીનાબેન દેસાઈ
લાયોનેસ ક્લબ

ખુશી એસ પટેલ

અયાન નિશાંત ઠાકર
મો. ૯૯૯૮૭ ૨૭૭૫૭

દીપાબેન
મૌલિકકુમાર શાહ

દિવ્યરાજસિંહ
પ્રકાશસિંહ વાઘેલા
મો. ૯૮૨૪૩ ૭૫૦૫૩

નવ્યા એચ ગોર

મહેશભાઈ દરજી



યશ શેઠ

વડાપ્રધાન દ્વારા ૨૦૨૫ સુધીમાં ટીબીને નાબુદ કરવાનું આહવાન કરેલ છે જેના અનુસંધાને તાજેતરમાં આરોગ્ય મંત્રી દ્વારા નિક્ષય મિત્ર તરીકે ટીબીના જરૂરીયાતમંદ દર્દીને દત્તક લઈને ટીબીના દર્દીને પૌષ્ટીક આહાર કીટ આપવા માટે તમામ લોકોને આહવાન કરેલ છે જેના ભાગરૂપે વડાપ્રધાનના જન્મ દિવસની યાદગાર ઉવણીના ભાગરૂપે સ્થાનિક કોર્પોરેટરનો સહયોગ લઈને કોર્પોરેશન વિસ્તારના ઝુંડાલ ગામમાં વસિકા ગ્રૂપ મેમ્બર કોર્પોરેટર શ્રીમાળી સેજલબેન કનુભાઈ દ્વારા ટીબીના જરૂરીયાતમંદ ૨૫ દર્દીઓને પૌષ્ટીક આહારની કીટ વિતરણ કરવામાં આવી હતી. આ દર્દીઓની સારવાર ચાલુ રહેશે ત્યાં સુધી અનાજનીકીટ આપવામાં આવશે. મેડીકલ હેલ્થ ઓફીસર ડો.કલ્પેશ ગોસ્વામી સીટીબીટી ઓફીસર ડો.એચ.કે.પટેલ, આરસીએચઓ તેમજ અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર, શહેરી ક્ષય કેન્દ્રના ટીવીએચવી કુમાર રાઠોડ અને અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઝુંડાલના તમામ સ્ટાફે હાજરી આપી હતી. આ પ્રસંગે ટીબી હારેગા દેશ જીતેગા સુત્રને ઝડપથી ચરિતાર્થ કરવાનો સંકલ્પ જાહેર કરાયો હતો.

સાતારા હિલ હાફ મેરેથોનમાં ગાંધીનગર રનર્સ ગ્રૂપના આઠ રનર્સને મેડલ મળ્યો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર રનર્સ ગૃપના આઠ સભ્યો રવિવારે યોજાયેલી સાતારા હિલ હાફ મેરેથોનમાં ભાગ લઈ આવ્યાં. સાતારા હિલ્સ મેરેથોને વિશ્વની હિલ્સ પર યોજાતી ટફ મેરેથોન પૈકીની એક છે. આ મેરેથોનના સ્ટાર્ટિંગ પોઈન્ટથી અગિયાર કિમી સુધી કપરું ચઢાણ જ છે. આ મેરેથોન સાતારાના લીલાછમ ડુંગર પર યોજાય છે એટલે એને હિલ્સ મેરેથોન કહે છે. આ મેરેથોનમાં આ વખતે ભારતના વિવિધ શહેરોમાંથી આઠ હજાર રનર્સે ભાગ લીધો હતો. 'ફિટનેસ ઝિંદાબાદ' સ્લોગન સાથેની આ ૨૧.૦૯૭ કિલોમીટરની મેરેથોનમાં ગાંધીનગર રનર્સ ગૃપના જગત કારાણી, સંજય થોરાત, હરિશ્ચંદ્ર, મીતેશ ગજ્જર, રજનીકાંત પરમાર, રાજેશ્રી પરમાર, ડૉ. જિજ્ઞાસા હુમ્મર અને પ્રદીપ ગેહલોતે ભાગ લઈ ફિનિશરનો મેડલ મેળવ્યો હતો. આ વખતની મેરેથોન વખતે ત્યાં વરસાદ ચાલુ હતો એટલે મેરેથોન વધુ ટફ થઈ હતી. સાતારા હિલ્સ મેરેથોનમાં હરિશ્ચંદ્ર વેટરન કેટેગરીમાં પ્રથમ નંબર મેળવ્યો હતો જેમને વિજેતા ટ્રોફી અને રોકડ ઇનામ પ્રાપ્ત થયું હતું.

ગાંધીનગરના વેટરન રનર જગત કારાણી આ મેરેથોન માટે છેલ્લા ત્રણ મહિનાથી નિયમિત રીતે પ્રેક્ટિસ કરતા હતા. આ મેરેથોન પહેલા જ તેઓ કોરોના પોઝીટીવ આવ્યા હતા અને એમની ઈમ્યુનીટી ઘટી ગઈ હતી છતાં પણ એમણે મન મક્કમ કરી સાતારા મેરેથોનમાં ભાગ લઈ સળંગ પાંચ મેરેથોન પુરી કરી મેડલ મેળવ્યો હતો. આ મેરેથોનમાં રજનીકાંત પરમારે મેરેથોન સવા બે કલાકમાં પૂર્ણ કરી સિલ્વર મેડલ જીત્યો હતો જ્યારે રાજેશ્રી પરમારે પણ સળંગ પાંચ સાતારા મેરેથોન પુરી કરતા વિશેષ મેડલ મેળવ્યો હતો.

સાતારા મેરેથોનમાં ભાગ લેવાનું અને એને પૂર્ણ કરી ફિનીશરનો મેડલ મેળવવાનું સૌનું ડ્રીમ હોય છે. જ્યારે ગાંધીનગરના ત્રણ રનર્સ તો વિજેતા થઈ પરત ફર્યા છે. સાતારા મેરેથોનમાં શહેરના આઠ રનર્સે આ સિદ્ધિ મેળવી શહેરનું નામ રોશન કર્યું છે. ગાંધીનગર રનર્સ ગૃપના સભ્યો હવે આગામી દિવસોમાં દિલ્હી, અમદાવાદ, મુંબઈ મેરેથોનમાં ભાગ લેવા જઈ રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસના અવસરે ગાંધીનગરના સ્વર્ણિમ સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે નેશનલ ફેડરેશન ઓફ ધ બ્લાઈન્ડની ગુજરાત રાજ્ય શાખા દેશના આઝાદીના અમૃતમહોત્સવ અંતર્ગત એડીઆઈપી યોજના હેઠળ દ્રષ્ટિહીન દિવ્યાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે ૧૫૦ જેટલા સ્માર્ટ મોબાઈલ ફોનનું વિતરણ ગાંધીનગરમાં કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે શહેરના મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તેમજ સમાજના અગ્રણીઓએ હાજરી આપી હતી.

ગાંધીનગર, તા.૧૯

મહાત્મા ગાંધી વિદ્યામંદિર સે ૧૬ ગાંધીનગરના વિદ્યાર્થીઓએ નિસર્ગ સાયન્સ સેન્ટર સેક્ટર-૨૩ ખાતે વિશ્વ ઓઝોન દિવસ નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં ભાગ લીધો હતો અને સંસ્થાના વિદ્યાર્થીઓ એ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. આ સ્પર્ધામાં રાવળ મેહુલ ગાભાભાઈ એ બીજો નંબર અને ડમા કૃપા ધનજીભાઈએ ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. વિજેતાને કોઑર્ડિનેટર નટુભાઈ, આચાર્ય હસમુખભાઈ પટેલ, આર્ટ માસ્ટર અશોકભાઈ અને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

એમ.બી.પટેલ સ્કુલમાં અંગ્રેજી વિષયની ધોરણ-૪ની પ્રવૃતિ

ગાંધીનગર, તા.૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી.પટેલ ગર્લ્સ પ્રાયમરી શાળામાં ધો.૪ને અંગ્રેજી વિષયની પ્રવૃતિ કરાવવામાં આવી હતી. રોજીંદા જીવનમાં વપરાતા કસરતના શબ્દોની સમજ મેળવે તે હેતુથી સુપરવાઈઝર સંગીતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ આ પ્રવૃતિનું આયોજન કરાયું હતું. આચાર્યા નીરૂબેન પટેલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડયું હતું.

આર એન પટેલ પ્રાયમરી સ્કુલના વિદ્યાર્થીઓ ગાંધી આશ્રમની મુલાકાતે

ગાંધીનગર, તા.૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રીમતી આર.એન.પટેલ પ્રાથમિક શાળાના ધોરણ - ૬ના કુલ ૧૫૫ વિદ્યાર્થીઓતથા પાંચશિક્ષકશ્રીઓઅભ્યાસના ભાગરૂપે ગાંધીઆશ્રમનીશૈક્ષણિક મુલાકાત લીધી હતી. ત્યાં વિદ્યાર્થીઓએ મ્યુઝિયમની સુવિધાઓમાં ''મારું જીવન મારો સંદેશ'' છે. ગેલેરીમાં ગાંધીજીના જીવનની કેટલીક આબેહૂબ અને ઐતિહાસિક ઘટનાઓ વિશે માહિતી મેળવી હતી. આશ્રમનું મહત્વનું સીમા ચિન્હ ગાંધીજીની કુટીર હૃદય કુંજ છે, જ્યાં ગાંધીજી દ્વારા ખાદી બનાવવા માટે વાપરવામાં આવેલ ચરખો અને તેમનું ટેબલ જેના પર તેઓ પત્રો લખતા હતા તે અમૂલ્ય વસ્તુઓ વિદ્યાર્થીઓએ નિહાળી હતી. ગાંધીજીના જીવન સાથે જોડાયેલા પ્રસંગો વિશે જાણકારી પ્રાપ્ત કરી અને વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં ગાંધી વિચારનો અભ્યાસ અંગે શિક્ષકશ્રીઓ દ્વારા માર્ગદર્શન મેળવ્યું હતું. ત્યાંથી રિવરફ્રન્ટની મુલાકાત લીધી.

પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ગાંધીનગરનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ૩૬મી નેશનલ ગેમ્સ બાબતે શહેરના યુવાનો અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવાય તે હેતુથી અને રમતગમતની પ્રવૃતિઓને પ્રોત્સાહન મળે તે માટે અવેરનેશ કેમ્પેઈન અને સેલીબ્રેટીંગ યુનિટી થ્રુ સ્પોર્ટસ અંતર્ગત મેગા સ્પોર્ટસ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ગાંધીનગરના આયોજનથી આચાર્ય એમ.એમ.ચૌધરીના માર્ગદર્શનથી અને કોલેજના રમત ગમત વિભાગના પ્રો.વિનોદભાઈ ચૌધરીના સહયોગથી માતૃશ્રી જોઈતીબા મહીલા સંકુલની ભગીની સંસ્થાઓ ચૌધરી કોમર્સ કોલેજ, ચૌધરી કોલેજ ઓફ એજયુકેશન, ચૌધરી એમએડ કોલેજ, ચૌધરી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, ચૌધરી એમસીએ કોલેજ, ચૌધરી ઈન્સ્ટીટયુટ ઓફ નર્સીંગ અને જે.એમ.ચૌધરી સાર્વજનિક વિદ્યાલયના સહયોગથી હજારથી વધુ વિદ્યાર્થીનીઓ એક મશાલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેનું પ્રસ્થાન સંસ્થાના પ્રમુખ હરીભાઈ વી.ચૌધરીએ મશાલ પ્રગટાવીને કર્યું હતું. મશાલ રેલીનું આયોજન માતૃશ્રી જોઈતીબા મહીલા કોલેજ સંકુલ સે-૭થી રામકથા મેદાન સુધી કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કાર્યક્રમમાં ત્રણ દિવસ સુધી વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર પાલિકાની જુદી જુદી સ્કુલો તથા કોલેજોએ આ મેગા સ્પોર્ટસ કાર્નીવલમાં ભાગ લીધો હતો. વિજેતા થયેલા ખેલાડીને અખિલ આંજણા મંડળ તરફથી અભિનંદન પાઠવાયા હતા.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ઠાકોર જયંતિજી કાળાજી ઉ.વ.૩૮, બોરીજ નવા
- સ્વ.પટેલ ભગવાનભાઈ શંકરભાઈ ઉ.વ.૮૧, સેકટર-૮

● રૂદ્રભૂમિ ●

- સ્વ.પંચાલ વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ઉ.વ.૭૩, સેકટર-૭
- સ્વ.નારાયનન એન.એન. ઉ.વ.૭૭, કુડાસણ